# પરનિંદા સમાન ઘોર પાપ બીજું કોઈ નથી

**આચમન** — બિપિન પટેલ

સાચા વૈષ્ણવના લક્ષણ દર્શાવતા ભક્તકવિ નરસિંહ મહેતા કહે છે, 'સકળ લોકમાં સહુને વંદે નિંદા ન કરે કેની રે...!' સાચો વૈષ્ણવ-સાચો ભક્ત કદી કોઈની નિંદા કરતો નથી. જો તે કોઈની નિંદા કરે કે કોઈની નિંદા સાંભળે તો તે વૈષ્ણવ કહેવડાવવાને લાયક નથી! ભક્ત કહેવડાવવાને લાયક નથી પરંતુ કેવી છે સાધારણ મનુષ્યની મનોદશા? સાધારણ રીતે મનુષ્યને પોતાની પ્રશંસા સાંભળવી ગમે છે, અન્યો દ્વારા થતી પ્રશંસા સાંભળીને તેને આનંદ થાય છે પરંતુ તે જ્યારે અન્યો દ્વારા થતી પોતાની નિંદા સાંભળે છે ત્યારે તેને દુઃખ પણ થાય છે અને ક્રોધ પણ ચઢે છે. પોતાની નિંદા સાંભળીને દુઃખી થનાર એ જ વ્યક્તિ બીજાની તો ભરપેટ નિંદા કરે છે અને હર્ષિત થાય છે! છે ને નવાઈ! એટલે જ ગોસ્વામી તુલસીદાસજી કહે છે, 'જહં કહં નિંદા સુનહિ પરાઈ હરષહિ મનહુપરી નિધિ પાઈ'- બીજાની નિંદા સાંભળીને હર્ષિત થવું એ તો દુષ્ટનું લક્ષણ છે કે જેઓ બીજાની નિંદા સાંભળીને એવી રીતે હરખાઈ છે કે જાણે તેમને માર્ગમાં પડેલો ખજાનો મળી ગયો! પરમાત્માના સાચા ભક્તને તો પોતાની પ્રશંસા સાંભળીને આનંદ નથી થતો કે નથી તેને પોતાની નિંદા સાંભળીને દુઃખ થતું! બંને સ્થિતિ તેને મન સમાન છે.

કોઈની નિંદા કરવી એ તો પાપ છે જ પરંતુ અન્યો દ્વારા થતી કોઈની નિંદા સાંભળવી એ પણ પાપ છે. નિંદા કરવાથી જીભ અપવિત્ર બને છે અને એ બંનેથી અર્થાત્ નિંદા કરવાથી અને નિંદા સાંભળવાથી ચિત્ત અને હૃદય બંને અપવિત્ર બને છે. જરા વિચારો! એ અપવિત્ર જીભથી પરમાત્માની સ્તુતિ કે પરમાત્માનું કીર્તન શી રીતે થઈ શકે? અને અપવિત્ર કાનોથી પરમાત્માની કથા કે પરમાત્માના પ્રભાવ, પ્રતાપ અને ઐશ્વર્ય તેમ જ ગુણોનું શ્રવણ શી રીતે થઈ શકે? અપવિત્ર હૃદયમાં પરમાત્માનું પ્રાક્ટ્ય શી રીતે થઈ શકે? સામાન્ય રીતે કોઈના અવગુણોની ચર્ચા તેની પીઠ પાછળ કરવી અથવા તેની અનુપસ્થિતિમાં કરવી તેને નિંદા કહે છે. બહુધા વ્યક્તિને કોઈની નિંદા કે ટીકા કરવામાં ખૂબ રસ પડે છે પરનિંદા એટલે પરમાનંદ! બીજા દ્વારા થતી આપણી નિંદા કે ટીકાને આપણે સહન નથી કરી શકતા પરંતુ બીજાની નિંદા કરવાનો નિંદારસ તો આપણને મીઠો-મધુરો લાગે છે, જાણે અમૃતરસ! આ દિશામાં શ્રીરામચરિતમાનસના ઉત્તરકાંડમાં સાત ટૂંકા પ્રશ્નો દ્વારા તુલસીદાસજીએ મનુષ્યને સરસ અને પ્રેરક માર્ગદર્શન આપ્યું છે.



તેમાં એક પ્રશ્ન વિશેષ મહત્ત્વનો છે. 'કહહુ કવન અઘ પરમ કરાલા'- સૌથી મહાભયંકર પાપ કયું છે? જેના પ્રત્યુત્તરમાં કહેવાયું છે- 'પરનિંદા સમ અઘ ન ગરીસા'- પરનિંદા સમાન ઘોર પાપ કોઈ નથી.

અહિંસા પરમધર્મ છે, તો નિંદા પરમપાપ છે! તુલસીદાસજી આગળ સ્પષ્ટતા કરે છે કે 'હર ગુરુ નિંદક દાદુર હોઈ'- શિવ (ભગવાન)અને ગુરુની નિંદા કરનાર બીજા જન્મમાં દેડકો બને છે! એટલું જ નહીં પણ વારંવાર તેને દેડકાનો જ જન્મ મળે છે! હરિ અને હરની નિંદા કરનારને તો ગૌહત્યાનું પાપ લાગે છે! અભિમાનવશ જે દેવો અને વેદોની નિંદા કરતો ફરે છે તે રૌરવ નરક ભોગવે છે. સંતોની નિંદા કરનારને ઘુવડનો જન્મ મળે છે, અને જે મૂર્ખ મનુષ્ય સતત બધાની જ નિંદા કરતો ફરે છે તે ચામાચીડિયું થઈને જન્મે છે! 'સબ કે નિંદા જે જડ કરહી તે ચમગાદુર હોઈ અવતરહીં'. ચામાચીડિયા વિશે એક હકીકત જાણવા જેવી છે કે જે મુખ વડે તે આહાર ગ્રહણ કરે છે એ જ મુખ દ્વારા તે વિષ્ટાનો

> **પરનિંદા એ તો ભક્તિપથનો મોટો અવરોધ છે, ભક્તની ભક્તિમાં બાધક છે, તેને આગળ વધવા નથી દેતો. સંતો અને શાસ્ત્રો કહે છે કે જ્યારે કોઈ વ્યક્તિ બીજાની નિંદા કરે છે ત્યારે તે જેની નિંદા કરે છે તેનાં પાપોને ધુએ છે**

પણ ત્યાગ કરે છે. બંને પ્રક્રિયા માટે તેને એક જ અંગ મળ્યું છે. જરા ગંભીર વિચાર માગી લે તેવી છે આ બાબત! નિરંતર નિંદારસનું પાન કરવું એટલે ભવિષ્યમાં ચામાચીડિયું બનવાની તૈયારી!

પરનિંદા એ તો ભક્તિપથનો મોટો અવરોધ છે, ભક્તની ભક્તિમાં બાધક છે, તેને આગળ વધવા નથી દેતો. સંતો અને શાસ્ત્રો કહે છે કે જ્યારે કોઈ વ્યક્તિ બીજાની નિંદા કરે છે ત્યારે તે જેની નિંદા કરે છે તેનાં પાપોને ધુએ છે. આવો, આપણે એક સૂત્ર અપનાવીએ, 'પર નિંદા કરવી નહીં, સ્વનિંદાથી ઉશ્કેરાવું નહીં અને સ્તુતિ કે પ્રશંસાથી ફુલાવું નહીં.'

# અદ્દભુતની ખોજ છોડો

**અજવાળાં** — દુર્ગેશ ઉપાધ્યાય

એક વખતના બનારસના મહારાજા કોઈ સાધુના પરમ ભક્ત હતા. એ સાધુના સંગ દ્વારા કંઈ અદ્ભુત ખોજ માટે તેમને લગન લાગી હતી. આ સાધુ ઘણી વાર રાજાને કહેતો, ''મહારાજ, આ તમારું કામ નથી, આપ આપનો રાજધર્મ બજાવો અને પ્રજાની સેવા કરો એ જ પર્યાપ્ત છે.''

છતાં મહારાજાને એમ હતું કે, તેની ખોજ એક દિવસ પૂરી થશે અને કંઈક ચમત્કાર થશે. કોઈ અદ્દભુત જડીબુટ્ટી મળી જશે.

આમ એક દિવસ રાજા અને પેલા સાધુ બંને એક હોડીમાં બેસી ગંગા નદી પાર કરી રહ્યા હતા. બંને વચ્ચે સત્સંગ ચાલુ હતો. એ દિવસે રાજા એક તલવાર લઈને હોડીમાં બેઠા હતા. એ તલવાર બીજા કોઈ રાજાએ ભેટ આપી હતી. રાજા એ તલવાર પર હાથ ફેરવતાં ખુશ થતા હતા અને સાધુને એ તલવાર વિશે વાતો કર્યા કરતા હતા.

એ તલવારના ગુણગાન સાંભળી સાધુ જરા નારાજ હતા છતાં હોકારો આપ્યા કરતા હતા. સાધુએ તલવાર જોવા રાજા પાસે માગી અને તલવારને જરા જોઈને સાધુએ નદીમાં પધરાવી દીધી એટલે રાજા ગુસ્સે થઈ ગયા. તેમણે પૂછ્યું, ''આમ એમ કર્યું?''

સાધુએ કહ્યું, ''મહારાજ, સત્સંગમાં એ તલવાર આડે આવતી હતી. રાજાને પરમ તત્ત્વ પામવું હોય તો બધાનો મોહ ત્યજવો પડે એટલે મેં પાણીમાં ફેંકી દીધી.''

રાજા કહે, ''અરે એ કેટલી કિંમતી હતી તમને ક્યાં ખબર છે. એ મારા માટે એક ગૌરવ સમી હતી.'' રાજાને મનમાં થયું. આ સાધુનો સંગ મેં ખોટો કર્યો, સાધુ પાગલ છે.



ત્યારે સાધુએ કહ્યું, ''મહારાજ, ચાલો ફરી એ જગ્યાએ, તમને એ તલવાર કાઢી આપું.'' હોડીવાળાએ હોડી પાછી વાળી અને તલવાર પધરાવી એ જગ્યાએ આવ્યા.

સાધુએ પાણીમાં ઊતરી બે તલવાર બહાર કાઢી રાજાને આપી, અને કહ્યું: ''આમાંથી જે તમારી હોય તે રાખો અને બીજી પાણીમાં પધરાવી દો.''

રાજા બંને તલવાર જોવા લાગ્યો પણ ખબર ન પડી કે એની તલવાર કઈ હતી. રાજાએ પોતાની મુંઝવણ સાધુને કહી.

સાધુએ કહ્યું: ''મહારાજ જ્યારે તમારી વસ્તુ જ તમે ઓળખી નથી શકતા ત્યારે તમે આ જગતને પરમતત્ત્વને ઓળખવાની વાત કરો છો, એ નકામો પ્રયાસ છે. પહેલાં તમે તમારી જાતને જ ઓળખો.

અદ્દભુત પામવાની ખોજ છોડો, એ એમ

> **અદ્દભુત મેળવવા માનવે સર્વસ્વનો ત્યાગ કરવો પડે, સ્થળ, ચીજવસ્તુ, સંબંધોનો મોહ છોડવો પડે. એ તમે નહીં કરી શકો માટે અદ્દભુતની લગન છોડી, પરોપકારનાં કાર્યોમાં લાગી જાવ**

સરળતાથી મેળવી નહીં શકાય. અદ્દભુત મેળવવા માનવે સર્વસ્વનો ત્યાગ કરવો પડે, સ્થળ, ચીજવસ્તુ, સંબંધોનો મોહ છોડવો પડે. એ તમે નહીં કરી શકો માટે અદ્દભુતની લગન છોડી, પરોપકારનાં કાર્યોમાં લાગી જાવ. રાજાએ તો પ્રજાની સુખાકારી માટે જ વિચારવાનું હોય, એ એનું કર્તવ્ય અને રાજધર્મ છે. એ પરમતત્ત્વ પામવા બરાબર છે. જો રાજા એનો ધર્મ પૂર્ણપણે બજાવે તો.''



## સપ્તાહનાં વ્રત-તહેવારો તા. ૯ થી તા. ૧૫ ફેબ્રુઆરી

### તા. ૯ સોમવાર
મહા વદ આઠમ: આઠમ વૃદ્ધિ તિથિ, જાનકી જન્મ, જાનકી અષ્ટમી, કાલાષ્ટમી ,અષ્ટકાશ્રાદ્ધ

### તા. ૧૦ મંગળવાર
મહા વદ આઠમ: અન્વષ્ટકા શ્રાદ્ધ

### તા. ૧૧ બુધવાર
મહા વદ નોમ : શ્રી રામદાસ નોમ

### તા. ૧૨ ગુરુવાર
મહા વદ દશમ: સ્વામી દયાનંદ સરસ્વતી જયંતી

### તા. ૧૩ શુક્રવાર
શુક્રવાર, મહા વદ એકાદશી: વિજયા એકાદશી(પેંડા)

### તા. ૧૪ શનિવાર
હા વદ બારસ: શનિપ્રદોષ, વેલેન્ટાઇન ડે

### તા. ૧૫ રવિવાર
મહા વદ તેરસ: મહા શિવરાત્રી, શિવપૂજન, સંત ગાડગે મહારાજ જયંતી(તિથિ) આર્યસમાજ સપ્તાહ પ્રારંભ

## સુવિચાર
જીવન માટે

જીવનમાં સફળતા કરતાં સંતોષ વધુ મહત્વનો છે.

મુશ્કેલીઓ જીવનને મજબૂત બનાવે છે, નબળું નથી કરતી.

આજે કરેલું સારું કામ આવતીકાલે આશીર્વાદ બને છે.